मोतीशानां ढाळीयां.

ઢાળ ૧ લી—સુહંકર સીદ્ધાચળ સેવીએ. એ દેશી.

ઉઠી પ્રભાતે પ્રભુ નમીએ, જઇ વિમલાચલ વીસમીએ;
અંતર ધ્યાન રસે રમીએ, વીમલગેરી રંગ રસે સેવો
ત્રીભોવન તીરથ નહી એવો, વીમલગેરી રંગરસે સેવો. ૧
ગેરી સામા એક ડગ ભરીએ, કોડ હજાર ભવ તરીએ;
સાથાં પાતીકડાં હરીએ. વીમલ૰ ૨
અગરીત પદ વરવા આવ્યા, પાંડવ પમુહા મુનીરાયા;
સેંસગેરી મુગતીપાયા, વીમલ૰ ૩
જાત્રા વિના ભોજન ન કરે, સુરશાનીધ અભીગ્રહ પુરે;
પુરવ ભવે શું શોક હરે. વીમલ૰ ૪
ખટમાસી ઉભા ધ્યાન ધરે, શુક રાજા નિજ રાજ વરે;
સેતરૂંજય ગેરી નામ કરે. વીમલ૰ ૫
સંઘવી થઇ સંઘ લેઇ આવે, શીધાચલ પંચ શનાત્ર કરે.
શીરપર રાયણ દુધ ઝરે. વીમલ૰ ૬
ગુરૂ પરદેશ વચન વાશી, મુંબાઇ બંદર રેહેવાશી;
સુરનર ભાવે સાબાશી. વીમલ૰ ૭
અમીચંદ સાકરચંદ તણા, કળીજુગમાં કલ્પવૃક્ષ બન્યા;
ઉપકારી તરૂછાયા ઘણા. વીમલ૰ ૮
શેઠ મોતીશા ધનરાસે, પુરે દીન દુખીઆની આશે;
કલકત્તા વળી મદ્રાસે. વીમલ૰ ૯
દરીઆ માંહી ઝાઝ ઘણાં, ચીન દેશ વીલાયત શુણા;
શેઠ મોતીશા નામ તણાં, વીમલ૰ ૧૦

કુંવરપદ ખીમચંદભાઇ, ઇંદ્ર જશોદ શું ઠકરાઇ;
પુરણ પુન્ય શું કમાઇ. વીમલ૦ ૧૧
શીધગેરી ઉપર ટુંક તણી, શેઠ મોતીશાને હુંશ ઘણી;
શ્રી શુભ વીર વચન સુણી. વીમલ૦ ૧૨

ઢાળ ૨ જી—સાંભળરે તું સજની મારી રજની ક્યાં રમીઆવીજીરે—એ દેશી.

સંવત અઢારસેં બ્યાસી માંહે, શાંત્રુંજની શીખર બીરાજેજીરે;
કુંતાસરનો ખાડો મોટો, શેઠજી નજરે લાગો. મનનો મેળોજીરે
અંતર નયણાં નિહાળી. મનનો મેળોજીરે. ૧
ભવભવનાં પુરણને હેતે, ખાત મહુરત તો દીધુંજીરે
સર સરપાવ ઘણા બગસી, દાન અનુકંપા દીધું: મન૦ ૨
ચોથે આરે બહુ ધનવંતા પણ નવી ખાડો પુરાણોજીરે:
આ કાળે મોતીશા શેઠે કનક રૂપઇઆ ભરાવ્યો મન૦ ૩
તે ઉપર જબ ટુંક બનાવે, મધ્ય ચમુખ બિરાજેજીરે:
આજુ બાજુ દેરા ઘણાં છે. જંબુ તરૂ પરિવાર મન૦ ૪
રીખવદેવપુંડરીક પ્રમુખની, પડીમા ત્રણ હજારેજીરે;
નવી ભરાવી ચમુખ દેહરે, ઠવીશું શાસ્ત્ર પ્રમાણ મન૦ ૫
અંજનશલાખા પ્રમુખ સામગ્રી, મેળવતાં શુરૂ સાગેજીરે;
નવલાખ ઉપર સતસેંસ રૂપઇયા, ખરચ્યાણા મન રંગે. મન૦ ૬
અમરચંદ ખીમચંદ દમણના, શેઠજી આગે પ્રધાનોજીરે;
બાઇ અનોપમ હોય સહોદર, અવસર ઉચીતના જાણ. મન૦ ૭
મોહોટા મંદીર પાસે દેહેરૂ, તે પણ શીખર કરાવેજીરે;
ધર્મનાથ આદે બહુ પ્રતિમા, સુંદર તેહ બરાવે. મન૦ ૮
શશી મંડળ ફરતા ગ્રહમંડળ, તીમ જીન ચૈત્ત ઘણેરાજીરે;
સોહેસ ગમે કારીગર કામે, લાગે ઉઠી સવારે. મન૦ ૯

કલ્યાણજી કહાનજીનો નંદન, દીપચંદ ગુણ પરીણામેજીરે;
એ ટુંક પાછળ ટુંક કરાવે, શેઠ મોતીશા હુકમે, મન૦ ૧૦
તાણુઆમાં મહુરત લીધું, અંજનસ લાખ કેરૂજીરે;
શી શુભવીર જીનેશ્વર ભગતે, ઉલશીત ચીત ભલેરૂ. મન૦ ૧૧

ઢાળ ૩જી—અનીહાંરે વાલો વાયછે વાંસળીરે. એ દેશી.

અનીહાંરે શેઠ સજાઇ કરે સંઘનીરે, તે સાંભળી દેશ વીદેશ;
લોક સજે ઘણાં સંઘમાંરે.

અનીહાંરે દેવ ઘણા દેવ લોકમાંરે, શેઠના ગુણ ગાય વીશેસ લો. ૧
અનીહાંરે દક્ષીણતા ગુણ શેઠનીરે, પારસ સમ સ્વર્ગે ગવાય; લો. ૨
અનીહાંરે દક્ષીણતાપણું આપણુંરે, નહી લોપો એમ દીલ ધાય લો ૩
અનીહાંરે સ્વર્ગે શેઠને તુતમાંરે, કરો પાવન અમ ઘર આજ લો. ૪
અનીહાંરે ગામ ગય સુતાં જાગશેરે, એ લાભશે ઘરના કાજ. લો. ૫
અનીહાંરે ખીમચંદભાઇને શેઠજીરે. દીએ હેત શીખામણ સાર. લો. ૬
અનીહાંરે પુત્ર સવાઇ પુન્યે હજોરે, કુલદીપક છો નીરધાર. લો. ૭
અનીહાંરે સંઘવીપદ ધરી સાચવોરે, પ્રતિષ્ઠા સંઘ હજુર, લો. ૮
અનીહાંરે ગુરૂ ભગતી ગુણ દાનથીરે, કાડજો દાળીદ્ર દુર. લો. ૯
અનીહાંરે પત્ર લખી પેટીમાં ઠવ્યોરે, તે માંડી સરવે વીચાર. લો.૧૦
અનીહાંરે ભાદરવો બાણુઆં તણેરે, સુદ પડવે ને રવીવાર. લો. ૧૧
અનીહાંરે મહુરતલેઇ શીધાવીયાંરે, કાંઇ શેઠજી સ્વર્ગ મોઝાર લો. ૧૨
અનીહાંરે મોતીશાજી મરણગયારે એમ બોલે તેલોક ગમાર. લો. ૧૩
અનીહાંરે બીજે દીને શશી ઉગીઓરે, જોવા ખીમચંદભાઇ દેદાર લો. ૧૪
અનીહાંરે સજન તે સુખીયા થયારે, નવી ધરવો શોક લગાર. લો. ૧૫
અનીહાંરે ત્રણ તો માસ વીતી ગયારે, જનકાગમ છોડી આસ લો. ૧૬
અનીહાંરે અમરચંદ સમજાવતાંરે, જબ આવે માગશર માસ લો. ૧૭
અનીહાંરે ઉજળી તીજે કંકોતરીરે, લખી દેશ વીદેશ મોઝાર લો. ૧૮
અનીહાંરે પોશ તણી સુદ સાતમેરે કાંઇ ડેરાદીધા પુર બાહાર લો. ૧૯

અનીહાંરે ખીમચંદભાઇ હસ્તી ચઢયારે; કરે ટોપીવાળો સરપાવ   સો. ૨૦
અનીહાંરે શ્રીશુભ વીરમંગળીકનારે, હોય શબ્દ શુકનના ભાવ   સો. ૨૧

ઢાળ ૪ થી—ભરતની પાટે ભુપતિરે, એ દેશી.

સંઘવી હસ્તી શીરે ચઢયોરે, વધાવતી નરનાર સલુણા;
દેહેરાસર આગે કરીરે, દેરા દીયા પુર બાહાર સલુણા;
રંગરશીલા સાંભળોરે સંઘની શોભા અપાર સલુણા.   રંગ ૧

પાછાંમ કોરટના ધણીરે, દીઓ પરમાણું સનુર સલુણા;
હુકમ શેઠ ખીમચંદનોર, રાજા રહે હજુર સલુણા.   રંગ ૨

સંઘ લેઇ શીધાચળેરે, ઉતરીઆ જઇ હેઠ સલુણા;
પોશ વદી પડવે દીનરે. વંદા જીન કરી ભેટ સલુણા,   રંગ ૩

દેરા તંબુ કચેરીઓરે, દેખી દેવ વીમાન સલુણા;
કંપની બાહાદુર વાવંટારે; વાજીંત્ર ફરકે નિશાન સલુણા.   રંગ ૪

રાજનગરના સંઘવીરે, શેઠ હિમાભાઇ આય સલુણા;
મોટા નાના સંઘવીરે, તે પણ ભેળા થાય સલુણા.   રંગ ૫

સોરઠ કછ હાલારનારે, ગુજરાતી ગોલવાડ સલુણા
પુરવ દક્ષણ માળવોરે, મરૂધરને મેવાડ સલુણા   રંગ ૬

સંઘ સવ લાખ આસરેરે, સંજત એક હજાર સલુણા;
ફરી મંડપ પધરાવતારે, પડીમા પાંચ હજાર સલુણા.   રંગ ૭

માતા દીવાળી બાઇનેરે, દેખી હરખ ન માય સલુણા.
પુત્ર વધામણી શેઠનેરે, દેવા સ્વર્ગે સવાય સલુણા.   રંગ ૮

શેઠ મોતીશા સાંભળીરે, શાજ કરે તતખેવ સલુણા;
શાળીભદ્રને પુરતારે, જેમ ગોભદ્ર દેવ સલુણા.   રંગ ૯

બીંબ પ્રતિષ્ઠા અંજનરે, મહુરત લીઓ શ્રીકાર સલુણા;
મહા માસે જોશી દીયોરે, શુધ દશમી બુધવાર સલુણા.   રંગ ૧૦

તપગચ્છ ખરતર આગરે, સુરવર સહુ મીલાય સલુણા;
શુદ દશમી જળ જાત્રારે, તીરથનાં જળ લાય સલુણા.   રંગ ૧૧

જયમ ચઢી એક દેવતારે, મંડપ બીંબ સુહાય સલુણા;
દવાદસી કુંભથાપણારે, રાતી જગા નીત થાય સલુણા. રંગ ૧૨
શ્રીફળ આદે પ્રભાવનારે, દેતા નવી નવી ચીજ સલુણા;
શેઠેસંગમે દીવા ઝગેરે, લેતી વીસામા વીજ સલુણા. રંગ ૧૩
પુજન નંદા વરતનુરે, દીશે દીસ બળીદાન સલુણા;
અષ્ટ દીગપાળની થાપનારે, મંત્ર કરી અહવાન સલુણા. રંગ ૧૪
ખીમચંદભાઇના સંઘનેરે, સાનીધ કરજો દેવ સલુણા;
શી શુભ વીરને આમરેરે, સુખ લીલા નીત મેવ સલુણા. ૧૫

ઢાળ ૫

ચોથે દીન ખેતરવાળાનેરે લોલ શાશનની રખવાળનેરે લોલ;
ચોસઠ ઇંદ્રને નોતસ્યારે લોલ, બાહાર ભુતળ બળી બાકળારે લોલ.
પુજી કરી શીદ્ધચક્રનેરે લોલ, વીશ સ્થાનક પચમે દીનરે લોલ;
શેઠ શેઠાણી ૬ ડે મનરે લોલ, ઇંદ્ર ઇંદ્રાણી છઠે દીનેરે લોલ
ચવન કલ્યાણક સાચવેરે લોલ, સ્વરગે થકી ઘર ભેડવેરે લોલ;
ચઉદ સુપન રાત્રી શીરેરે લોલ, સુપન પાઠક ફળ ઉચરેરે લોલ,
જનમ્યો. પ્રભુની વધામણીરે લોલ, સંઘવી ઇંદ્રદીએ ઘણીરે લોલ;
છપનદીગ કુમરી નમેરે લોલ, રાતે ઉત્સવ દીન સાતમેરે લોલ,
કુળ ઘરે નવરાવનીરે લોલ, પુજી ઘેર પધરાવનીરે લોલ;
ભેટ કરી ગુણ ગાતીરે લોલ, રાસ રમી ઘેર જાવતીરે લોલ.
આઠ ઇંદ્રાણી આવતીરે લોલ, હાથમા લેઇ કંકાવટીરે લોલ;
બીંબ નવા સંગાથશુરે લોલ, તીલક કરે નીજ હાથશુંરે લોલ,
ઇંદ્ર ચોસઠ હવે મળ્યારે લોલ, ખીમચંદભાઇ ઘરે આવીયારે લોલ;
સોઢમ ઇંદ્ર મૂગટ શીરેરે લોલ, હસ્તી શીર ચમર ઢળેરે લોલ.
ઇંદ્ર ઘણા મૂગટે જડયારે લોલ, ચારઠ રથ ઘોડે ચડયારે લોલ;
પાલખીઓને મેના ઘણારે લોલ, સાજન કરી નહી મણારે લોલ.
ગજ વાન ગણી જાતનારે લોલ, વાજાં તે વાગે વીલાયતનારે લોલ;

વરઘોડો મારગ સંચર્યોરે લોલ, મંડપ જઈ ઉતર્યારે લોલ.
મેરૂ સિંહાસન બેસીઆરે લોલ, નાથને ખોળે નીવેસાયારે લોલ;
ઈંદ્ર ચોસઠ નમન કરેરે લોલ, પછે હીમાભાઈ ખોળે ધરેરે લોલ.
શેઠ ખીમચંદભાઈ ગંગા જળેરે લોલ, નાથ સીરે કળશા ઢળેરે લોલ;
શ્રેણી કનકકુશમે કરેરે લોલ, ઈંદ્ર ગયા ઘેર હાકમાંરે લોલ.
શનાત્ર અઠોતરી આડમેરે લોલ, દેવા પડીયા શીંગેરે લોલ;
દેવ પણીએ આવતારેલોલ, બાલ ક્રીડા નિશાળીનારે લોલ;
ઉત્સવ રંગ વધામણારે લોલ, જોબન વય પ્રભુ પામતારે લોલ,
શ્રી શુભ વીર પરણાવતારે લોલ.

ઢાળ ૬ ઠી—હવે વિવાહ સામગરી સોહેરેલી. એ દેશી.

હવે વિવાહનો વરઘોડોરે, જલો વર કન્યાનો જોડોરે.
સાજન આવેલા સાથેરે, રામણ દીવો સુધી બહુને હાથેરે.
જયવંતાજી.

ખેમચંદભાઈ પ્રભુ કર ધરીયારે, અમરચંદ ઘેર ઉતરીયારે;
ચોરી પુંખી નવી બહુ લાવંરે, વરકન્યા ત્યાં પરણાવ્યારે. જ૦
માંહો માંહે વસ્ત્ર ઘરેણાંરે, વરકન્યાને નજરાણાંરે;
દોય પક્ષ ધવળ ગવરાણાંરે, પછી મંડપ ઘર પધરાવેરે. જ૦
રાજભાર ધરી કર લીલારે, લોકાંતિક દિક્ષા વેળારે;
પ્રભુ હુકમ લેઈ બહુ માનરે, શેઠ દેતા વરસીદાનરે. જ૦
નવમો વરઘોડો સાર લેઈ, પ્રંચ મહા વરત બારેરે;
શેઠ ઈંદ્ર તણો અવતારરે, જીન ખંધે ઠગે દેશાળારે. જ૦
બીંબ કેસર સુગંધરે, દસમે દીન કંકણ બાંધીરે;
ગુરૂ મંત્ર પવિત્ર સુરંગીરે, મીંઢળને મરડા સંગીરે. જ૦
પીઠીકા ધુપ દીપક શેણીરે, બળ બાકુળાને પાણીરે;
સુખડ નાખી પરતે કરેરે, કાસંબી વસ્ત્ર ઢાંકેરે. જ૦
ચઈતવંદન વસ્ત્ર ઉઘાડીરે, અધિષ્ઠાયક થાપના કારીરે;

સ્થીર લગ્નને વાસ્તે જાણીએરે, શુધ અંજન શોવન સાગીયેરે. જ૦

દશમી બુધવાર જગીશારે, ઘડી બારને પળ એકવીસરે;
કરે અંજન નયન વિશાળારે, જોતાં પ્રગટ થયા તે વેળારે. જ૦

મુળ નાયક આદે ધારીરે, પૂજાણ્‌ કયે તે ત્યારે રાગીરે;
દેવગંગળ વાજાં વાજેરે, સહુ બાંગને શેઠજી પુજેરે. જ૦

કલ્યાણક પંચ સુહાવોરે, સીવ સુંદરી તીલક વધાવોરે,
અઠોતરી શનાત્ર કરાવોરે, શુભ વીર વચન રસ ગાવોરે. જ૦

ઢાળ ૭ મી—એક સમે શામળીઓજી. એ દેશી.

મંડપ ઉભા એમ કહે મન મોહનજી, કાંઈ સંચરી સંચરણ હોય. મનડું મોહ્યુંરે મન મોહનજી, ભવો ભાગ સરણુ તુમારૂં મન મોહનજી. આદેશાર અમને હોય મન૦

જન્મ સફળ અમે માનશુ મન૦ જીવ ગાંડગી મુખડાં દેખ મન૦ ભુખણ ચામર છત્રશું, મન૦ પ્રભુ આગળ ભેટ વીશેશ મન૦ ૨

સમોવરણ વાનગી મન૦ શીમગેરી ઉપર મેં કીધ મન૦ ત્યત સાહીબને પધરાવીયા મન૦ પ્રભુ આગળ ભેટ વીશેશ મન૦ ૩ અ

મરચંદ ધન વાવરે મન૦ રાજા મંત્રી સમજણ મન૦ પ્રભુ નોત રી ઘેર આવીઆ મન૦ ઉપર ઉત્સવ મન૦ ૪ માહા વદી મંડાણુ

બીજે સ્થાપીઆ મન૦ મુળ નાયક રીખભજીણંદ મન૦ પૂંડરીક ગ ણધર સનમુખે મન૦ આનંદી તે શેઠ ખીમચંદ મન૦ ૫ વિમલ

વસી ખડતર વસી મન૦ છીપાવસી ત્રીજી જાણ મન૦ પ્રેમાવસી ચોથી મલી મન૦ મોતી વસી મંડાણુ મન૦ ૬ એ વેશ છે પંચ મ મન૦ જીમ પાંચ ગ્યાન વિશાળ મન૦ વખત વસી છઠી ભલી

મન૦ બાળાવસી સાતમી સાર મન૦૭ સાંકરચંદ પ્રેમચંદની મ ન૦ કોય પાસની ટુંક વીચાર મન૦ કુંટાશન ચકેશ્વરી મન૦ પંચ

મી વસ રહી રખવાળ મન૦ ૮ સ્વામી ઉત્સવ બહુ કર્યાં મન૦ ખ મ ખરચ લખ્યું નહી જાય મન૦ ગઈ પધરામણી બહુ કરી મન૦

પુજાદિક શનાત્ર ભણાય મન૦૯ સંઘ માલ શુદી ફાગણે મન૦ બુધ બીજ ઉત્સવ થાય મન૦ આ જગમા આવારતા મન૦ કંઈ પડછો નવી દેવાય મન૦ ૧૦ તાલ ધજાદિક તીરથે મન૦ વંદી વળીઆ નીજ ઘેર મન૦ પુન્ય કરીને અવતરા મન૦ આગળ પુણ્ય બાંધે એહ મન૦ ૧૧ તીરથ રૂપ એ સંઘ છે મન૦ ભગવતી સુત્રે એ પાઠ મન૦ ગુણુવંતના ગુણ એમ સુણવા મન૦ આ સંઘનો દેખી ઠાઠ મન૦ ૧૨ ખેમાવિજય જશ ગુરૂ તણા મન૦ શ્રી શુભ વીરવીજય મુનીરાજ મન૦ પ્રમુસે મગન સદા સુખી મન૦ કહે વિરવિજય મહારાજ મન૦ ૧૩

રાજુલના બાર મહિના.

મધુબિંદુ સમો સંસાર મુઝાના માઝતાં, સંસાર સુખી અણગાર જીનેશ્વર બોલતાં. આંકણી

સખી તોરણુ આઇ કંથ ગયા નિજ મંદિરે, જેને નજરે મેળાવો કીધ, તે મુજ સાંભર; ઘેર લાવતા ઝાલી હાથ હું હેઠી ઉતરી, પણુ કરી વરઘોડો આજ છબીલે છેતરી. મ૦ ગા૦ ૧ સખી સારે કહું અવદાત વિજોગી દુખી તણા, દુનીઆમાં દુરીજન લોક હાંસી કરે ઘણા; મીઠી લાગે પરની વાત અગન પગ ના લહે, કેહેતાં મોભ ચુવે કેનાં નેત્ર તે મુખ ના કહે મ૦ ગા૦ ૨ સખી શ્રાવણુ છઠે મેહેલી મહીયારી તળે, છઠે છટકી વ્રારથી વેલ વાળી ન વળે; કાંમ કરતી ફરતી ધરતી ઝરથી વાદળી,, ગયો શ્રાવણુ માસ નિરાશ રાજુલ એકલી મ૦ ગા૦ ૩ સખી ભાદરવે ભરથાર વિના કેમ રીઝીએ, વીરહાનલ ઉઠી જાલ ધુઆ વીના દાઝીએ; ફળ પાકાં ફરશણુ સાર ના ખાઇએ, ખેલીએ, હોત દુઃખના દહાડા બે ચાર આમેસ ઠેલીએ, મ૦ ૪ વળી આસો માસે સેવ સુંવાળી સુંવાળી, ગયા દસરે દસરાના દીન દીવાળી દુંકડી; સુખી [illegible] [illegible] [illegible] [illegible] [illegible], રંગ તાનને [illegible] સાર [illegible]

વિના પેખના મ૦ ૫ કારતક માસે કેલ કરે નરનારી બાગમ
જેને માસે ટળુકે ટાઢ કુમારી રાગમાં: જેના વાંલમ ગયા વિદેશ
સંદેશા મોકલે, મારે ગામ ઘણી ઘર વાટ લસે પિયુ વેગળે. મ૦ ૬
સખી માગશરે માગણનારે મનોરથ પુરતાં, મનો મેલી ગયા બાળે
વેશ ચતુર ગુણ ચુરતાં; સખી કોઇરે સંદેસો લેઇ આવે આજ મુજ
કને, તેને દેઉ મોતનકો હાર અમુલખ ભુસણે. મ૦૭ પોસ માસ પો
તાની છોડી શિયાળે ચાલીયા, વાહાલેશર વિના વેરણ રાત સુનાં મેહે
લ માળીઆ જાય જોબનીયું ભરપુર અરણ જેમ માલતી, જેના પેઉ
ગયા પરદેશ દુખે દીન કાઢતી મ૦ ૮ પેઉ માહા માસે ગત જા-
ઓરે હિમાળો હાલશે. રજની એક તે વરસ સમાન વીજોગે
સાલશે, લંકાથી સીતા ખટ માસ રામ ઘેર લાવીયા, એ ।। વળી
ગયા સાતે માસ પ્રીતમ ઘેર ન આવીયા. મ૦" હલકારો હુ-
સંત વસંત આકાસેથી ઉતર્યો, માનુ ફાગણ સુરનર રાય મળી
નેનરે; હોળી ખેલે ગોપી ગોવીંદ હસુ ઘેર આવતી, અસી કરશુ
જંપાપાત વિજોગી માલતી. મ૦ ૧૦ સખી ચઇતરે ચંત થકી
વીછોહી વાલમે, આતા દુઃખના દહાડા કેમ જાય ઉગે રવી આથમે
આંખ મીચાયને મળી જાગરે ઉઘાડે વેગળો, સામળીઓ સીખ સ
ઉમાં આગળો મ૦ ૧૧ રમે હંસ જુગલ શુક મોર ચકોર સ
રોવરે, નિજ નાથ સઇયરસું સાથ રખે રમે વણ ધરે; મુખ મં-
જરીઆળા ડાળ કોયલ ટઉકતા; સખી વાતમાં વીત્યો વસંત; રૂએ
રાજેમતી. મ૦ ૧૨ સખી વઇશાખે વન માંહી હિંચોળે હીચતાં
કદળી ફુલ ધર બીછાય પુથીથી નાચતાં, સરોવર જળ કમળે કેલ
કરતાં રાજવી, મુજ છબીલી નાર લગન લેઇ લાજવી, મ૦ ૧૩
જેઠ માસ જુલમનાં તાપ તપતાં ભુ(ળ)ાં આઠ માસનો મેઘ વી
જોગ બળે તરૂ કુતલા; પશુ પંખી વિસામા પાંચરે શિતળ છાયા
તરુ, મારે પેઉ વિના નહિ વીસરામ નીતીનેરે નીતરૂ. ૧૪ સખી

આવીયો માસ અસાડ ભરે જર વાદળી, ગરજ્જાવર ટકે મોર ઝબુકે વીજળી; વરસા તે વસુધા નવ પલવ હરીયા ધરે નદી ભરીયાં નીર બપઇઓ પીયુ પીયુ કરે મ૦૧૫ ચોમાસે તરૂમલ રમતાં પંખીયા, એમ વીતારે બારે માસ પ્રીતમ ઘેર ના આવીઆ શ્રાવણ છઠે સ્વામી ગયા સેહેસાવને, લેઇ સંજમ કેવળી થયા દીન પંચાવને. મ૦ ૧૬ નેમ મુખથી રાજુલ નવ ભવ નેહ નીહારતી વહારગ સુધારસ લીન સદા મન વાળતી; કાલતરે નેમ દયાળે હતા દેશના દેઇ. પ્રભુ હાથ સાહેલી સાથે રાજુલ દીક્ષા લઇ. મ૦ ૧૭ લેઇ કેવળી કરી પરી સાથ એક જુગતે ગયા, એની પ્રીતમ સાદી અનંત બાગે ભેગા થયા, શુભ વીજય સુખ લીન મગન વીશેષતા. મ૦ ૧૮.

" **નેમનાથનો સલોકો.**

સરસ્વતી માતા તમ પાયે લાગુ, દેવ રૂ તણી આગ્ના માગુ;
જીભા અગ્રે તું બેશજે આય, વાણી તણી તો કરજે સવાઇ.
આઘો પાછો કોઇ અક્ષર થાવે, માફ કરજો જે કાંઇ દોશ ના આવે,
તગણ સગણને જગણની ઠાઠ, તે આદે દેઇ ગણ છે આઠ.
શાસ્ત્ર શારાને કીધા નખેદ, તેનો નવ જાણું ઊંડારથ ભેદ;
કવિજન આગળ મારી સી મતી, દોષ ટાળજો માતા સરસ્વતી,
નેમજી કેરો કહું શલોકો, એક ચીતેથી સાંભળજો લોકો;
રાણી સીવાદેવી સમુદ્ર રાજા, તે કુળ કરવા આવ્યા દીવાજા.
ગરભે કારતક વદ બારશે રહ્યા, નવ મસવાડા આઠ દીન થયા;
પ્રભુજી જનમ્યાની તારીખ જાણું શ્રાવણસુદ પાંચમ ચિત્રા વખાણું.
જનમ્યા તણી તો નોબતો વાગી, માત પીતાને કીધાં વડભાગી;
તરીઆ તોરણ બાંધ્યાં બાહાર, ભરિ મુક્તાફળ વધાવે નાર.
અનુક્રમે પ્રભુજી મોટેરા થાય, ક્રીડા કરવાને નેમજી જાય;
સરખે સરખી છે સંગાથે છોરા, લટકે બહુ મુલા કલંકી તોરા.

રમત કરતા જાય છે તીહાં, દીઠી આયુધશાળા છે જીહાં;
નેમ પુછે છે સાંભળો ભ્રાત, આતે શુંછે કહોને વાત.
ત્યારે સરખા સહુ બોલીયા ત્યાં વાણી સાંભળો નેમ ચતુર સુજાણ
તમારો ભાઇ કશ્નજી કહીએ, તેને બાંધવા આયુદ્ધ જોઇએ.
શંખ ચક્રને ગદા એ નામ, બીજો બાંધવા ઘાલે નહિ હામ;
એવો બીજો કોઇ બળીઓ જો થાય, આવા આયુદ્ધ તેણે બંધાય.
નેમ કહેછે ઘાલું હું હામ, એમાં ભારે શું મોટું છે કામ;
એવું કહીને શંખજ લીધો. પોતે વગાડી નાદજ કીધો.
તેટાણે થયો મોટો ડમડોલ, સાહેરનાં નીર ચઢ્યાં કલ્લોલ;
પરવતની ટુંકો પડવાને લાગી, હાથી ઘોડા તો જાય છે ભાગી.
ઝબકી નારીઓ નવ લાગી વાર, તુટ્યા નવસરા મોતીના હાર;
ધરા ધરૂજીને મેઘ ગડગડીઓ, મોટી ઇમારતો તુટીને પડીયો.
સહુનાં કાળજાં ફરવાને લાગ્યાં સ્ત્રી પુરૂષ જાય છે ભાગ્યાં;
ક્રસ્ન બળભદ્ર કરે છે વાત, ભાઇ સો થયો આતે ઉતપાત
શંખ નાદ તો બીજે નવ થાય, એવો બળીયો તો કોણ કહેવાય;
કહાડો ખબર જે આ તે શું થયું, ભાગ્યું નગર કે કાંઇ ઉગરીયું
તે ટાણે ક્રૂસ્ન પોમ્યા વધાઇ, એતો તમારો નેમજીભાઇ.
નેમજી કહે સાંભળો હરી, મેંતે અમસ્તી રમત કરી;
અતુળીબળ દીઠું નાનુંડે વેશે, ક્રશ્નજી જાણે રાજને લેશે.
યારે વીચારે દેવ મોરારી, એને પ્રણાવું સુંદર નારી;
ત્યારે બળ એનુ ઓછુંજ થાય, તોનો આપણે અહીં રહેવાય,
એવો વીચાર મનમાં આણી, તેડયાં લક્ષ્મીજી આદે પટરાણી;
જળ ક્રીડા કરવા સૂરવે જાઓ, નેમને તમો વીવાહ મનાવો.
ચાલી પટરાણી સરવ સાંજે, ચાલો દેવરીયા પરણો છબીલી નારી
જળક્રીડા કરતાં બોલ્યાં રૂક્ષ્માણી, દેવરીયાં પરણોં છબીલી નારી;

વાંઢા નવ રહીએ દેવર નગીનાં, લાવો દેરાણી રંગના ભીના
નારી વિનાં તો દુખ બહુ છે વાંકુ, કોણ રાખશે બાર ઉઘાડુ
પરણ્યા વિના તો હવે કેમ થાસે, કરી લટકોને ઘરમાં કોણ મલાસે
ચુલો ફુંકશો પાણીને ગળશો, વહેલા મોડા તો ભોજન ભાળશો,
બારણે જશો અડકાવી તાળું, આવી અસુરા કરશો વાળુ;
દીવાને બતી કોણજ કરશે, લીપ્યા વિના તો ઉચેરા વળશે.
વાસણ ઉપર તો નહી આવે તેજ, કોણ પાથરશે તમારી સેજ.
પ્રભાતે લુખા ખાખરા ખાશો, દેવતા લેવા સાંજરે જાશો.
પેટની વાતો કોને કહેવાશે, તે દીન નારીનો ઓરતો થાશે;
પરૂણા આવીને પાછા જે જાશે, દેશ વિદેશ વાતો બહુ થાશે.
મોટાના છોરૂ નથી વરીઆ,. મારૂ કહ્યું માન દેવરીયા;
ત્યારે સતભામા બોલ્યાં ત્યાં વાણ, સાંભળો દેવરીયા ચતુર સુજાણ,
ભાભીનો ભરૂસો નાશીને જાશે, પરણ્યા વિના કોણ પોતાની થાશે
પેહેરી ઓઢીને આંગણે ફરશે, ઝાઝાં વાનાં તે તમોને કરશે.
ઉંચા મન ભાભી કેરાં કેમ સહેશો, સુખ દુખની વાત કોણ આ-
ગળ કહેશો.
માટે પરણો પાતળીયા રાણી, હું તો નહી આપુ નાવાને પાણી;
વાંઢા દેવરને વિશ્વાસે રહીએ, સગા વહાલામાં હલકાજ થઇએ.
પરણ્યા વીના તો સુખ કેમ થાશે, રાગાને ઘેર ગાવા કોણ જાશે.
ગણેશ વધાવાને મોકલશો, તમો જાશો તો શી રીતે ખલશો;
દેરાણી કેરા પાડ માનીશું, છોરૂ થાશે તો વીવાહ માણીશું.
માટે દેવરીયા દેરાણી લાવો, અમપર નથી તમારો દાવો.
ત્યારે રાધીકા આવેરાં આવી, બોલ્યાં વચનો મહોડું મલકાવી.
સી વાતો કરો સરવે સખી, નારી પરણવી રમત નથી;
[illegible] નથી એ કામ, વાવરવા જોઇએ ઝાઝેરા દામ.
ઝાંઝર નેપુરને [illegible] [illegible] [illegible] વીછુવા બાટે રૂપાળા

પગપાને ઝાંઝી ઘુઘરીઓ જોઈએ, મોહોરે સાંકરો ઘુઘરાં શોભીએ
સોના ચુડલો ઘુઘરીના ઘાટ છલાં અંગુઠી આરીસાના ઠાઠ;
ઘુઘુરી પોચી ને વાંક સોનેરી, ચંદન ચુડીની ભાત મઝેરી,
ફુલાં સાંકળાં ઉપર સિંહ સોહોરા, મરકત બહુ મુલાં નંગ બજેરા;
તુસી પાટીયાં જડાવ જોઈએ, રાખીનાં હાર મનડુ મોહીએ.
કલી સોહીએ ઘુઘરીય ઘા, મનડું લોભાય જુમાખુ ભાળી,
નાકસેરા હાર મોતીની માળા, કાને ટોડા સોનેરી માળા
ગચકણીયાં જોઈએ ફુલ ઝાઝાના, ઝીણા મોતી પાણી તાજનાં;
લીલાવટ ટીલી શોભે બહુ સારી, ઉપર દામણી મુલની ભારી;
શીર ચુંદડી ધરચોળાં સાડી, પીળી પંગળી મુલની ભારી;
બાંટ ચુંધડીઓ કસબી જોઈએ, દસરા દીવાળી પહેરવા જોઈએ.
મોઘા મુલના કમખા કહેવાય, એવડું નેમથી પુરૂં કેમ થાય;
માટે પરણ્યાની પાડે છે નાય, નારીનું પુરૂ શી રીતે થાય.
ત્યારે લક્ષમીજી બોલ્યા પટરાણી, દીયરના મનની વાતો મેં જાણી;
તમારૂ વેણ માથે ધરીશું, બેહુનું પુરૂ અમો કરીશું.
માટે પરણોને અનોપમ રાણી, તમારો ભાઇ દેવ મોરારી;
બત્રીસ હજાર નાર છે જેને, એકનો પહાડ ચડશે તેને.
માટે રૂદીએથી ફીકર ટાળો, કાકાજી કેરૂ ઘર અજવાળો;
એવું સાંભળી નેમ ત્યાં હસીયા, ભાભીના બોલ રૂદીયામાં વસીયા.
તાંહાંતો ક્રસનને દીધી વધાઇ, નિશ્ચે પરણશે તમારો ભાઇ;
ઉગ્રસેન રાજા ઘેર છે બેટી, નામે રાજુલ ગુણની પેટી.
નેમજી કેરો વીવાહ ત્યાં કીધો, શુભ લગનનો દીવસ લીધો
મંડપમાં આવ્યા ક્રસનજીરાય, નેમને નીરખ ફુલેકાં થાય.
[illegible] બોળે ને મામની માય, ધવળ મંગળ અતિ વરતાય;
નરીયા મોરચુ બાંધ્યાં બાહાર, મળી સોતોસણુ નેમને ગાય,
[illegible] કરે [illegible] સારી, સવાલાખ [illegible] મોરારી;

વહુવારૂ વાત કરે છે છાંને, નહી રહી ઘેર જઇશું જાને.
છપન કરોડ જાદવનો સાથ, ભેળા કૃશ્ન ને બળભદ્ર ભરાત;
ચડીયા ઘોડલે મેના અસવાર, સુખપાર કેરો લીધો નહી પાર.
ઘોડવેલ ચારઠો બગી બહુ જોડી, મેના ગાડીઓ જોતરીઆ ઘોરી
એહા જાદવ વેઢ વાંકડીયા, શોવન મુગટ હીરલે જડીયા.
કડાં પુંચીઓ બાજુબંધ કશીયા, શાલે દોશાલા ઓઢેછે રસીયા
છપનકોટીતો બરોબરીઆ જાણું, બીજા જાનઇઆ કેટલા વખાણું
જાનકી શોભે બાળુડે વેશે, વીવેક મોતી પરોવે કેશે;
સોળ શણગાર ધરે છે અંગે, લટકે અલબેલી ચાલે ઉછરંગે.
લીલાનટ ટીલી દામણી ચળકે, જેમ વીજળી વાદળી સળકે;
ચંદ્રવદની ભ્રમા જો નેણી, શીલકી જેની નાગથી વેણી.
રથમાં બેસીને બાળક ધરાવે, બીજી પોતાનું ચીર સમરાવે;
એમ અનુક્રમ નારુ છે ઝાઝી, ગાય ગીત ને થાય છે રાજી.
કોઇ કહે ધન રાજુલ અવતાર. નેમ સરખો પામી ભરથાર;
કોઇ કહે પુન્ય નેમનુ ભારી, તે થકી મળીયા રાજુલ નારી.
એમ અન્યોઅન્ય વાદ વદે છે, મોહોડાં મલકાતી વાતો કરે છે;
કોઇ કહે અમો જઇશું વહેલી, બળદને ધાનો પઇશું પહેલી.
કોઇ કહે મારા બળદ ભારી, પોહોચી ન શકે દેવમોરારી;
એવી વાતના ગપોળા ચાલે, પોને પોતાના મગનમાં માહાલે.
બાહોતેર કળા ને બુધ વીસાળ, નેમ નહીને પેહેરે સણગાર;
પેહેરી પીતાંબર જરકસી જામો, પાસ ઉભા રહ્યા નત્રસાનો મામો
માથે મુગટ હીરલે જડીઓ, બહુ મુલો છે કસબીનેડ ઘડીઓ;
ભારે કુંડળ બહુ મુલાં મોતી, શેહેરની નારી નેમને જોતી.
કંઠે નરશેરો મોતીનો હાર, બાંધ્યાં બાજુબંધ નવ લાગી વાર
દસે આંગળીએ વેઢને વીંટી, વીણી દીસેછે સોનેરી લીટી.
હીરા બહુ જડીયા પાણીના તાળા, કડાં સાંકળાં પેહેરે વરરાજા.

મોતીનો તારો મુગટમાં ઝળકે, બહુ તેજથી કલગી ચળકે,
રાધાએ આવી આંખડી આંજી, બહુ ડાહી છે નવ જાએ ગાંજી;
કુમકુમનુ ટીલુ કીધુ છે ભાલે, ટપકુ કસ્તુરી કેરૂ છે ગાલે.
પાન સોપારી શ્રીફળ જોડે, ભારી પોશને ચડયા વર ઘોડે,
ચડી વરઘોડે ગઉટામાં આવે, નગરની નારી મોતીએ વધાવે.
વાજાં વાગે ને નાટારંગ થાય, નેમવીવેકી તોરણ જાય;
ધુશળ મુશળ ને રવઇઆ લાવ્યા, પોંખવા કારણ સામુંજી આવ્યા
દેવ વીમાને જોવછે ચડી, નેમ નહી પરણે જાશે આ ઘડી;
એવામાં કીધો પશુએ પોકાર, સાંભળો અરજી નેમ દયાળ,
તમે પરણુશો ચતુર સુજાણુ, પરભાતે જાશે પશુઓના પ્રાણ;
એવો પશુઓનો સુણી પોકાર, છોડાવ્યા પશુડાને નેમ દયાળ,
પાછાતો ફરીઆ પરણ્યા તો નહી, કુંવારી કન્યા રાજુલ રહી
રાજુલ કહેછે ન સીધ્યાં કાજ, દુશ્મન થયાં પસુડા આજ;
સાંભળો સરવે રાજુલ કહેછે, હરણીને તાહાં ઓળંભો દેછે
ચંદ્રમાને તે લંછન ઠરાવ્યું, સીતાનું હરણ તેનો કરાવ્યું;
માહારી વેળા કયાંથી થઈ જાગી, આગળથી જાને તું ભાગી,
કરે વિલાપ રાજુલ રાણી, કરમની ગતી મેં તો નવી જાણી;
આઠ ભવની પ્રીતીને ઠેલી, નવમે ભવ કુંવરી મેલી,
એવું નવ કરીએ નેમ નગીના, જાણું છું મન રંગના ભાના;
તમારા ભાઈએ રણુમાં રઝળાવી, તોતો નારી ઠેકાણે ન આવી,
તમો કુળ તણો રાખોછો ધોરો, આ ફેરે આવ્યો તમારો વારો;
વરઘોડે ચઢી મોટો જશ લીધો, પાછાં વળી ફજેતો કીધો.
આંખ્યો અંજાવી પીઠી ચોળાવી, વરઘોડે ચડતાં શરમ કેમ નાવી,
મોહોટે દપાડે જાન બનાવી, ભાભીઓ પાસે ગાણાં ગવરાવી
એવા ઠાઠથી સરવેને લાવ્યા, સ્ત્રી પુરૂષને ભલા ભમાવ્યા.
આનંદ લાગેતો પાછેરા ફરજો, શુભ કારજ એ મારૂ કરજો.

પાછા ન વળીયા એકજ ધ્યાન, દેવા માંડ્યું તાંહાં વરસીજ દાન.
દાન દઈને વીચરજ કીધો, શ્રાવણ સુદ ૬ નો મહુરત લીધો.

દિક્ષા લીધી ત્યાં ન લાગી વાર, સાથે મુનિવર એક હજાર;
ગીરનારે જઈને કારજ કાધું પંચાવનમે દીન કેવળ લીધું.

પામ્યા વધાઈ રાજુલ રાણી, પીવા ન રહ્યાં ચાંગળું પાણી;
નેમને લઈને ચરણે લાગી, પેઉજી પાસે માજ ત્યા માગી.

આપો કેવળ તમારી કહાવું, હુ તો શોકને જોવાને જાવું;
દીક્ષા લઈને કારજ કીધું ઝટપટ પોતે કેવળ લીધું.

મળ્યું અખંડ એવાતણું રાજ, ગયા શિવસુંદીર જોવાને કાજ;
સુદની આઠમ અસાડ ધારી, નેમજી વરીયા શીવવધુ નારી.

નેમ રાજુલની અખંડ ગતિ, વરણુવ કેમ થાયે માહારીજ વતી;
જથારજ કહું મુજમતી પ્રમાણે, એહુના સુખની કેવળી જાણે.

ગાશે ભણશે ને જે કોઈ સાંભળશે તેના મનોરથ પુરા એ કરશે
શીવનું ધ્યાન રૂદીએ જે ધરશે, તેનો શીવવધુ નિશ્ચેજ વરસે.

સંવત ઓગણીસે શ્રાવણ માસ, વદની પાંચમનો દીવસ ખાશ,
વાર શુકરનું ચોઘડીયું સારૂ, પ્રસન થયું મનડુ માહરૂ.

ગામ ગાંગડના રાજા રામસંગ, કીધો શ્લોકો મનને ઉછરંગ;
મહાજનના ભાવ થકી મેં કીધો, વાચી શ્લોકો સારો જશ લીધો

શેહેર ગુજરાત રેહેવાશી જાણો, વિશાશ્રીમાળી નાતિ પ્રમાણો;
પ્રભુની કીરપાથી નવનીધ થાય, એહુ કરજોડી સુરસસી ગાય.

નામ દેવચંદ પણ સુરસશી કહીએ, એહુનો અર્થ એકજ લહીએ;
દેવચંદ સુરચંદ છે સસી, રસીક વાણી રૂદીયામાં વસી.

નેમનાથના સાત વાર.

આદી તે અરીહંત આમ ઘેર આવોરે;
મારા શ્યામ સલુણા નેમ હીલમાં લાવોરે.
શામ તે થઈ શણગાર સજીએ સંગેરે.

મારા જુગવનની સાથ રમીઓ રંગેરે. ૨
મંગળ શુભ દીન આજ મંગળ ચારૂરે;
કાંઇ નવ ભવ કેરા નેહ હું સંભારૂરે. ૩

બુધ ઘેર આવો નાથ બુધ માહાબળીઓરે;
પ્રભુ એક સેહસને આઠ લક્ષણ ભરીઓરે. ૪

ગુરૂ ગીરવા ગુણવંત સીવા દેવીનારે;
કાંઇ સમુદ્ર વિજય કુળચંદ નેમ નગીનારે. ૫

શુક્ર સેહેસાવન ચાલો સજનીરે;
મારે સમય થયો પ્રભાત વીતી રજનીરે. ૬

શનીવારે સંજમ લીધ પ્રિત વધારીરે;
દોનું પામ્યા પરમાનંદ નેમને નારીરે. ૭

કહે મુળચંદ જે એમ આશા ફળશેરે;
જે નીરમળ પાળે સીયળ ભવજળ તરશેરે. ૮

આરતી.

જયદેવ જયદેવ, જય મુક્તિ દાતા પ્રભુ૦
તુજને વંદન કરીએ, ગુણ તારા ગાતા. જયદેવ. ૧

આદિનાથ અજીત, સંભવ સુખકારી; પ્રભુ.
કષ્ટ અમારાં કાપો હે ભવ ભયહારિ. જયદેવ. ૨

અભિનંદન સુમતિ, પદમ તુ મુજ પ્યારો; પ્રભુ.
શુપારશ્વ ચંદ સુબુદ્ધિ, સીતળ ભવતારો. જયદેવ. ૩

વાશુ હંસ વીમલ અનંત ગુણ ભરીઆ; પ્રભુ.
કલુષ ભવોના કપી. શીવ રમણી વરીઆ, જયદેવ. ૪

શ્રી ધરમ ધુરંધર નાથ, આપ વર્યા મુક્તી; પ્રભુ.
શાંતીનાથ સુણો સુત, દાસ તણી ભક્તી. જયદેવ. ૫

કુંથુ નાથ કોડે કાઢ, હું જનમાંથી; પ્રભુ.
અર મલીને [illegible], તારો કર સાથી જયદેવ. ૬

મુનીસુવ્રત સ્વામી, ગૌગનીત મુઝ ખામી; પ્રભુ.
જાચુ સીર હું નામી, તાર અંતરજામી. જયદેવ. ૭

નેમનાથ ભગવાન, ભા ધરી ભાળો; પ્રભુ.
નીરમળ નેમ નગીના, દુઃખ સરવે ટાળો. જયદેવ. ૮

પારશ્વ તું પરમકૃપાળ, જન પાવનહારો; પ્રભુ.
વર્ધમાન નિત વંદુ, ભવજળથી તારો. જયદેવ. ૯

ચોવીશજીન ભક્તિ, ભાવ ભગી કરશે; પ્રભુ.
જન્મ મરણ દુઃખ ટાળી, મુક્તિને વરશે. જયદેવ. ૧૦

નમી તુજને નેગ, નાથ તુ છે મારો; પ્રભુ.
જૈન પ્રવર્તક મડળ, સાસન ભા તારો. જયદેવ. ૧૧

ગૌતમ અસ્ટક છંદ.

વીર જીણેસર કેરો શીષ, ગૌતમ નામ જપો નિમ દીન;
જો કીજે ગૌતમનું ધ્યાન, તો ધર વિલસે નવે નિધાન; ૧

ગૌતમ નામે ગીરીવર ચઢે, મન વાંછીત હેલાં સપજે;
ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સરવે સંજોગ, ૨

જે વરી વીરૂવા વંકડા, તમ નામે નાવે ઢુંકડા;
ભુત પ્રેત નવી મંડે પ્રાણ, તે ગૌતમનાં કરૂ વખાણ,

ગૌતમ નામે નિરમલ કાય, ગૌતમ નામે વાધે આય;
ગૌતમ જીનસાસણ શીણગાર, ગૌતમ નામે જયજયકાર, ૪

સાલ દાલ સુરહા ઘ્રત ઘોલ મન વંછિત કાપડ તંબોલ;
ઘરશું ઘરણી નિરમલ ચિત, ગૌતમ નામે પુત્ર વીનીત. ૫

ગૌતમ ઉદયો અવિચળ ભાંણ, ગૌતમ નામ જપોજગ જાણ.
મોટા મંદીર મેરૂ સામાન, ગૌતમ નામે સફળ વિહાણ. ૬

ઘર મયગલ ઘોડાની જોડ, વારૂ પોંહોંચે વંછીત કોડ;
મહીયલ માને મોટા રાય, જો તુઠે ગૌતમના પાય, ૭

ગૌતમ પ્રણમ્યા પાતીક ટલે, ઉતમ નરની સંગતમળે;

ગાતમ નામે નિરમલ જ્ઞાન, ગાતમ નામે વાધે વાંન. ૮

પુન્યવંત અવધારો સહુ, ગુરૂ ગાતમના ગુણ છે બહુ,
કહે લાવણ્ય સમે કર જોડ, ગાતમ તૂંઠે સંપત કોડ ૯

સજાીઓ

સાધુ સેજે સુખીયાં દુઃખીયા નહી લવલેશ;
અષ્ટ કરમને છતવા, પેહેરે સાધુના વેશ ૧

સાધુ શેંજરે દુબળા, લોક જાણે સીનાથ;
જેને દુઃખ દીઠા પાંછલાં, તે કેમ માતા થાય. ૨

લુખો સૂકો ખાખરો દાંગા દાંગે પણ અણધાર;
ચલતા હાડ ખડખડે, જેમ ખાખરાના પાન. ૩

દ્રઢ પીયારી હત્યાગરી, ઘોરા કરમ અઘોર;
પણ તપના પ્રભાવથી, કઠ્યાથી કર્મ કઠોર. ૪

વીધન ટળે તપ ગુણ થકી, તપથી જાગ વીકાર:
પરસંક્ષો તપ ગુણ થકી, વીરધનો અણગાર ૫

કરમ તપાવે ચીકણા, ભાવ મગળ તપ જાણું;
પચાસ લબ્ધી ઉપજે, જય જય તપ ગુણ ખાણ. ૬

મુનીવર ચાૈદ હજારમાં, સરણીક સભા ગોજાર;
વીરજીણંદ વખાણીઆ, ધન ધનનો અણગાર. ૭

માળા તો મનકી ભલી, ઔર કાષ્ટકા ભાર,
માળા બીચારી કયા કરે, ફેરવનાર ગમાર. ૮

માળા તો મનકી ભલી, બીચમે પાયા સૂત;
સાધુ જનકી એક ઘડી, મુરખકા જનમાર. ૯

ઝર ઝર ઝર બાદલ ઝરે, ગટા ચડી ગમઘોર;
ત્યાં મુનીવર ધ્યાને રહ્યા, વદુ બે કર જોડ. ૧૦

ચંદન કેરી લાકડી, મુલીમાં વેચાય;
મુરખ સાથે ગોઠડી, પોતાના ગુણ ગાય. ૧૧

સુરતરૂ જાએ ન કેટકી, ગુંથી ફુલની માળ;
ત્રીસલા નંદન પુજીએ વરીએ શીવ વર માળ. ૧૨

સુતદાયક સુત દેવતા, વંદુ જીન ચોવીસ;
ગુણ સીધચક્રના ગાવતા, જગમાં હોય જગીસ. ૧૩

ત્રણ જાતની વાઘણી, ત્રણ જગતને ખાય;
જીવતાં ચુસે કાળજું, મુવે નરક લેઇ જાય. ૧૪

સોરઠ દેશમા સંચર્યો, ન ચડયો ગઢ ગીરનાર;
પણ શેતરૂંજી નદી નહાયો નહી, તેનો એળે ગયો અવતાર, ૧૫

છપન ઉપર છ ગયા, સાંભળ ઘરની નાર;
જેને શેતરૂંજો ભેટયો નહી, તેનો એળે ગયો અવતાર ૧૬

ચઇતવંદન. હરીગિત છંદ.

વિમલ કેવળ ગ્યાન કમલા કલિત ત્રિભૂવન હિતકર;
સુરરાજ સંસ્તુત ચરણ પંકજ નમો આદી જીનેશ્વર. ૧

વિમલ ગીરીવર સુગમંડણ, પ્રવર ગુણ ગણ ભુધર;
સૂર અસુર કિંનર કોડી સેવીત નમો આદી જીનેશ્વર. ૨

કરતી નાટીક કિનરી ગણ ગાય જીનગુણ મનહર;
નીરજરાવરી નમે અહનિશ નમો આદી જીનેશ્વર. ૩

પુંડરીક ગણધર પતિ શિદ્ધિસાધી કોડી પણ મુનિ મનહર;
શ્રી વીમલ ગીરીવર સૃગ શિદ્ધા નમો આદિ જીનેશ્વર. ૪

નીજ સાધ્ય સાધન સુર મુનિવર કોડીનંત એ ગીરીવર;
મુગતી રમણી વરયા રંગે નમો આદી જીનેશ્વર. ૫

પાતાળ નર સુર લોક માંહી વિમળ ગિરિવર તો પર;
નહી અધીક તીરથ તીર્થ પતી કહે નમો આદી જીનેશ્વર. ૬

વિમળ ગીરીવર શીખર મંડન દુઃખ વીહંડણ ધ્યાઇએ
નજ શુદ્ધ સત્તાં સધનાર્થે પરમ જ્યોતિને પાઇએ. ૭

જીતમોહ કોહ વીછોહ નિદ્રા પરમ પદ સ્થીત જયકર

ગીરીરાજ સેવા કરણ તત્પર પદ્મ વીજય સુવીહીતકર. ૮

ચઈતવંદન. ત્રોટક.

અરીહંત નમું નમું શિદ્ધ નમું આયરીએ ઊવઝાય. નમું.
નમું નમું સરવે સાધુ નીરંજન, કેવળી વંદે જીન ધર્મ નમું.
બાર દેવલોક નવ ગ્રૈવેક, પંચ અનુત્તર ચૈત્ય, નમું
ભુવનપતિ વ્યંતર નંદીશ્વર, શાશ્વત અશાશ્વતા ચૈત્ય, નમું
શૈત્રુંજા અષ્ટાપદ ગિરનાર પાવા, આબુ શ્રીમેતશીખરે. નમું
ચતુરવીધ સયલશંગ મંગલ ભણતાં, ભક્ત ભણે નિત્ય નિત્ય. નમું.

સ્તવન. મરાઠી રાહ ઉપર.

શ્રી જગતગુરૂ પ્રભુ ધ્યાન હું ધરૂં, વિનય ભાવ સહીત સ્વામી
" વંદના કરૂ; આં.

અસરણ સરણ તરણ તારણ જીન દુઃખ વિદારણ દેવ;
સીવ સુખ કારણ નરક નિવારણ, સુરપતી સારે શેવ,
નાથ નીરંજન જન મન રંજન, ભય ભંજન ભગવાન;
વામાનંદન કરમ નીકંદન, જગવંદન જસવાન. શ્રી ૧
અશ્વસેન કુળચંદ કંદસુખ, નીલકમલ દળકાય;
રિદ્ધી સીદ્ધી નવનીધી નીપજે, પ્રણમંપત કરતા પાય. શ્રી ૨
શ્રી શંખેશ્વર તું પરમેશ્વર, જીવવતા જીનરાજ;
જરા નીવારી જાદવ કેરી, સરળ દેવ શિરતાજ શ્રી ૩
જૈન પ્રવરતક મંડળ પ્રણમે, પદ પંકજ પરમેશ;
સીવસુત કેશવપર કરૂણા કરી, અર્પો દર્શ હમેશ. શ્રી ૪

(રાગ કલ્યાણ મરાઠી રાહ ઉપર.)

શ્રી જગતપતી પ્રભુ આપ સુમતિ રોગ દોષ સર્વ ટાળી વાર દુર્ગતી
પરમેશ્વર પરમાતમ તુજને, પુજુ રાખી પ્રેમ;
દીનાનાથ દયાળ દેવ તું તાર ધરીને રેહેમ શ્રી ૧
ક્રોધ લોભને હું મદ માયા આદીક દોષ રહીત;

મુક્તી સ્થાને તુજ બિરાજે, હું સહુ દોષ સહીત શ્રી ૨
અષ્ટ કામનો ઘાત કરીને, તિર્યા છો ભવપાર;
ભવસાગરમાં હું અથડાઉં છું, હાથ ગ્રહો આધાર શ્રી ૩

મુસલમાની ખ્રીસ્તી વેદાંતીક, શીવ ધર્મો જેહ
તેથીમુજ મનડુ નવ રીઝે, જીન પર પુરો નેહ
બાલપણામાં ભાગ્યહીન હું, ચાહતો ખ્રીસ્તી ધર્મ;
પામ્યો જીન ચીંતામણ જગમાં તથર્યું મારૂં કર્મ, શ્રી ૫

માનવ જીવો, ધ્યાન ધરીને, ખોળો જીન ભંડાર;
અત્યાનંદજ મલશે તમને, નહી સંદેહ લગાર. શ્રી. ૬

રાજનગરમાં આદીતવારે, સુંદર સાયંકાળ
તે સમયે અતરે આગતપર, મહેર કરો જગપાળ શ્રી. ૭

જન પ્રવર્તક મંડળ તુજને, વંદે વારંવાર;
મુક્તિ દોલત પુરશોતમ હે શીવપૂરના રહેનાર. શ્રી ૮

નેમનાથનું સ્તવન.

મત જાવરે પીયા તુજ વારૂંગી એ રાગ,

લેતા જાવરે સામળીઆ બીડી પાનનકી બીડી પાનનકી, એ આં.
કથા ચુના લવીંગ સોપારી, વારી તોરે હાલ જાનનકી, લેતા
તાલ મરદંગ શરણાઇ શરોદા, બાજી બની રંગ તાનનકી, લેતા.
સહેસાવનકી કુંજ ગલનમે લગી જરી શુભ ધ્યાનનકી લેતા
કહે નથુ ધરમ પ્રકાશીત, હું બલીહારી કેવળ જ્ઞાનનકી, લેતા

સ્તવન.

(અરે લાલદેવ ઇસતરફ જલદી આ એ દેશી.)
અહો ઇશજીન તુ સદા દીલદાર, અનંતા દુઃખી ભવમાંથી ઉગાર;
અતી હેતકારી શદા સુખકાર, સુખી શિવપૂરમાં જવા મુજ તાર,

પ્રભુ સેવકોને તમે તારનાર, અહો દેવ હું તો નમું વારંવાર;
જાવો લાખ ચોરાસીભમ્યો દુઃખસાર, પુરવપુન્યે પામ્યો હું તારો દેદાર.
સભા જૈન વંદે તને હોશીયાર, નમે ભક્ત દોલતરે ભવપાર,

શ્રી અધ્યાત્મનું સ્તવન.

અવસર બેર બેર નહી આવે, જયું જાણે ત્યું કરલે ભલાઇ;
જન્મ જન્મ સુખ પાવે, હો અવસર બેર બેર નહી આવે.

તન ધન જોબન સબહી જુઠો, પ્રાણ પલકમાં જાવે: • અવસર.
તન છુટે મન કોણ કામકો, કાયકુ કરપણ કહાવે, અવસર.

જાકે દીલમે સાચ બસતહે, તાકુ જુઠ ન ભાવે. અવસર.
આનંદ ધન પ્રભુ અલતપગમે, સમર સમર ગુણ ગાવે, અવસર.

નેમનાથની ગજલ.

રાજુલ પુકારે નેમ પીયા, મેરી કયા કરી;
મુજ કયું ચલેજી. ચુક હમસે કયા પરી. રાજુલ.

કોઈ આશકા નિરાશ, કિહારીનાં ઘડી;
ખારે વશ નહી હમેરે, પ્રીતમ પાડમા પડી. રાજુલ.

હમેશ રહો ન જાય પ્રીતમ, તુમ વિના ઘડી;
સંધ લીજીએ દયાલ, દયા ધરમ આદરી રાજુલ.

નીશદીન તુમેરે નામ દેતે, ગયનકી ઝરી;
મુનીચંદ્ર વીજેચંદ્ર ચરણ, ચીતમાં ધરી. રાજુલ.

હાલીયાં.

ખડો ચતુર પેલો ટોપી વાળો અગનગાડી ચલાવીરે એ રાગ.

અંતર મેલ ગીટો નહી મનકો ઉપર તન કયા ધોઆરે ટેક.
સોળ સણગાર સજીરે શીરપર મુખડા કાચમે જોયારે. અ.

અગર અત્તર અબીલ અગરજા ગંદી દેહશુ મોહ્યારે અ.
સરસ આહાર કરી તનને પોશી ત્રીઆ પલંગપર શોયારે અ.
કહે જીનદાસ અક્ષય અમરપદ જબ નીરખ્યા તબ રોયારે. અ.

હાલીયું.

કામ છે કામ કામછેરે મારે કેશરીઆ વાલાનું રૂડુ કામ છે;
ચરણ સેવાનું મારે કામછેરે મારે કેશરીઆ વાલાનું રૂડુ કામછે,

જીસ નામે ભવજળ દધી તરીએ સબલ સરનનું ઠામ છેરે. મા. ૧
કોઇ સેવે શંકર કોઇ સેવે બ્રહ્મા કોઇ વિશનવ કોઇ રામછેરે. મા. ૨
મુળચંદ કહે જય જગજીવન ધુળેવા નગરજીન ધામછેરે. મા. ૩

હાલીયું.

મારા મુખડાં ઉપર વારી લાલ લટકાળા૦
લટકે ચંદન બાલા તારી લાલ લ૦
કીધું સુળીનું સીંઘાસણ લાલ લ૦
ઉગાર્યો શેઠ સુદર્શન લાલ લ૦
ચરણે ચંડકોસીઓ ડશીઓ લાલ લ૦
એતો દેવલોક જઇ વસીઓ લાલ લ૦
માટે રીત તમારી ન્યારી લાલ લ૦
શુર શસીને બલીહારી લાલ લટકાળા૦

હાલીયું.

મારી આંખડલીમાં કામણ કીધું છેલ છોગાળા,
ચીતડું મારૂ ચોરી લીધુ છેલ છોગાળા,
પ્રભુજી દીસો છો અંતરીક્ષ છેલ છોગાળા
મુને લાગી પ્રેમ કટારી છેલ છોગાળા
તેનું દરદ કયા જઇ કરીએ છેલ છોગાળા
તમને મુકીને કયા રહીએ છેલ છોગાળા
તમો તો ઘણાનાં કારજ કીધાં છેલ છોગાળા
હવે તો તુમ ચરણે આવ્યાં છેલ છોગાળા
તુમથી બાંધી પુરણ પ્રીત છેલ છોગાળા
એ શુર શસીને લાગી મીઠી છેલ છોગાળા

સમાપ્ત